ઇ-ધરા વ્યવસ્થાપનઃ ઓનલાઇન મ્યુટેશન પ્રોસેસ અંતર્ગત અગત્યના ડોક્યુમેન્ટને સ્કેન કરવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ એલઆરસી/૧૦૨૦૧૬/૦૮/૦૨/એસએમસી
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૧૧/૨૦૧૬

પરિપત્રઃ

ઇ-ધરા વ્યવસ્થાપન અંતર્ગત સને-૨૦૦૪ થી જમીનના મહેસૂલી રેકર્ડને કમ્પ્યુટરાઇઝ્ડ કરી તબક્કાવાર સમગ્ર રાજ્યના તમામ તાલુકાઓમાં ઓનલાઇન કરી ઓનલાઇન મ્યુટેશનની કામગીરી કાર્યરત કરવામાં આવી છે. જે અન્વયે સમગ્ર રાજ્યમાં સને-૨૦૦૪ થી જમીન હક્કો પરત્વેના તબદિલીના વ્યવહારોની હસ્તલિખિત કામગીરી બંધ કરી ઓનલાઇન મ્યુટેશનની કામગીરી હાથ ધરાઇ છે.

ઇ-ધરા વ્યવસ્થાપન હેઠળ નાગરિક/ ખાતેદારને પૂરી પડાતી સેવાઓ વધુને વધુ સ્વનિર્ભર બનાવવા સેવાઓની ગુણવત્તામાં સુધારવા હાડમારી દૂર કરી સેવાઓ ત્વરિત કરવી, સર્વિસ ડીલીવરી સમયમાં વધુને વધુ ઘટાડો, લેન્ડ રેકર્ડને વધુને વધુ સલામત, સુરક્ષિત અને ચેડા-મુક્ત કરવા માટે ઇ-ધરા મેન્યુઅલ-૨૦૧૨ના ચેપ્ટર-૬માં જણાવ્યા મુજબના અગત્યના ડોક્યુમેન્ટને સ્કેન કરી મ્યુટેશન દરમ્યાનના ૩ કે ૪ અગત્યના ઉપસ્થિત થતાં દસ્તાવેજો મ્યુટેશન પ્રક્રિયામાં સ્કેનર દ્વારા આ મોડ્યુલ મારફત સ્કેન કરવાની સૂચનાઓ છે.

આ બાબત ધ્યાને રાખી નીચેના દસ્તાવેજો મ્યુટેશન પ્રક્રિયામાં સ્કેનર દ્વારા સ્કેન કરી અપલોડ કરવાના થાય છે.

(૧) ફેરફાર નોંધ માટેના અરજી સાથેના દસ્તાવેજી કાગળો

(૨) સક્ષમ અધિકારી એ નિર્ણય કરેલ VF6ની નોંધની પ્રિન્ટ

(૩) બજવણી અંગેની સહીઓ થયેલ હોય તેવી ૧૩૫-ડી નોટિસની ઓફિસ કોપી

(૪) સક્ષમ અધિકારીએ નોંધની સંભવિત અસરના પ્રિવ્યુને સમજીને, સહમતિ સૂચક સહી કરેલ S-ફોર્મ પ્રિન્ટ, તથા

(૫) હૂકમી ફેરફાર નોંધના કિસ્સામાં હુકમ

આમ, ઉપર જણાવેલા ડોક્યુમેન્ટને સ્કેન કરી અપલોડ કરવા માટેની વેબ-ભૂલેખ એપ્લીકેશનમાં જોગવાઇ કરવામાં આવેલ છે. ડોક્યુમેન્ટને સ્કેન કરી અપલોડ કરવાની પધ્ધતિ પણ એનઆઇસી દ્વારા અલગથી PDF ફાઇલ તૈયાર કરી જિલ્લા કક્ષાએ એનઆઇસી કેન્દ્રો મારફતે તમામ ઇ-ધરા કેન્દ્રોને મોકલાવેલ છે. જે અન્વયે સ્ટેટ મોનીંટરીંગ સેલ કચેરીના પત્રક્માંકઃનં.SMC/CLR/307/63/WS-127/2014 તા.૩૦/૦૬/૨૦૧૪ થી તમામ કલેક્ટરશ્રીઓને અમલ કરવા જણાવેલ છે.

ઇ-ધરા વ્યવસ્થાપન અન્વયે ઓનલાઇન મ્યુટેશનમાં અગત્યના ડોક્યુમેન્ટને સ્કેન કરી મ્યુટેશન દરમ્યાન ફરજીયાત રીતે અપલોડ કરવાની સૂચનાઓનો અમલ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. તેમજ એનઆઇસી, ગાંધીનગરએ પ્રોસેસ ફ્લોમાં ફરજીયાત રીતે અપલોડ કર્યા પછી આગળની પ્રોસેસ થાય તે પ્રકારની વ્યવસ્થા એપ્લીકેશનમાં કરવાની રહેશે.

ઓનલાઇન મ્યુટેશન દરમ્યાન સ્કેન કરવા માટે દરેક ઇ-ધરા કેન્દ્રમાં ઇ-સેવા સોસાયટી અંતર્ગત ઇ-ધરા ફંડમાંથી કામગીરીના પ્રમાણમાં મેનપાવર રાખવા તથા હાઇસ્પીડ સ્કેનર GIL (Gujarat Informatics Limited) પાસેથી ખરીદવા "ઇ-સેવા સોસાયટી"ને સત્તાઓ આપવામાં આવે છે.

સને-૨૦૦૪ થી ઓનલાઇન થયેલ મ્યુટેશનના ડોક્યુમેન્ટ સ્કેન કરવાના થાય છે જેની બેકલોગની કામગીરી પણ પૂર્ણ કરવાની રહેશે.

22/11

પ્રોજેક્ટ ઓફીસર
સ્ટેટ મોનીટરીંગ સેલ, લેન્ડ રેકર્ડ કમ્પ્યુટરાઇઝેશન
મહેસૂલ વિભાગ, ગાંધીનગર

પ્રતિ,

કલેકટરશ્રી (તમામ)

નકલ સાદર રવાનાઃ

- મહેસૂલ તપાસણી કમીશનરશ્રી, ગાંધીનગર
- સીઆઇઓ, એનઆઇસી, ગુજરાત સ્ટેટ સેન્ટર, ગાંધીનગર